શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૦
અંક : ૫

## વાર્ષિક અધિવેશન

સંસ્થા સાથીઓ,

સંસ્થાના કાર્યક્રમોમાં આપનો ગત વર્ષમાં આ સંસ્થાને જે સહયોગ પ્રાપ્ત થયો છે. તે બદલ સંસ્થાની ટીમને ખુબજ આનંદ છે. વર્ષ દરમ્યાનની ગતિવિધી પર નજર નાખી આગામી સમય માટે રણનીતિ તૈયાર કરી શકાય તેમજ નવા પડકારો શું છે તે જાણી તેના પર ચર્ચાને સમાવી સંસ્થાનુ વાર્ષિક અધિવેશન ૧૪/૬/૦૮ના રોજ સંસ્થાના કાર્યાલય પર સવારના ૯–૦૦ થી ૧૨–૩૦ દરમ્યાન યોજેલ છે. આ અધિવેશનમા ઉપસ્થિત રહી ચર્ચા / માર્ગદર્શનમા સહભાગી થશો તેવી અપેક્ષા છે. આ અધિવેશનમા સંસ્થા સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલા તમામ સાથીઓને ભાગ લેવા નિમંત્રણ છે. આપની ઉપસ્થિતિ અંગેની જાણ તારીખ ૧૨/૬/૦૮ સુધીમા આપની અહી પહોચવાના સમયની વિગતોસહ શ્રી ભરત વાળાને ફોન, ઈમેલ તથા પત્રથી કરશો જેથી વ્યવસ્થા જાળવવામાં અનુકુળતા રહે.

## સાધારણ સભા

સંસ્થા સદસ્યશ્રીઓ,

સંસ્થાની ૨૮મી સાધારણ સભા તા.૧૪/૬/૦૮ ના રોજ બપોરના ૧૩–૩૦ થી ૧૬–૦૦ કલાક દરમ્યાન સંસ્થા કાર્યાલય પર નીચેના કામકાજ માટે મળશે સર્વે સદસ્યશ્રીઓએ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

<u>કાર્યસૂચિ</u>

૧. ગત મીટીંગની કાર્યવાહી વંચાણે લઈ ચર્ચા તથા મંજુરી અર્થે રજુ કરવી.
૨. સંસ્થાની વિવિધ સમિતીઓની કાર્યવાહી અંગેના અહેવાલ પર ચર્ચા અને બહાલી.
૩. હિસાબો અને વાર્ષિક અહેવાલને મંજુરી.
૪. વર્ષ ૨૦૦૮–૦૯ ના બજેટ પર ચર્ચા અને બહાલી.
૫. અધ્યક્ષ સ્થાનેથી રજુ થાય તે બાબતો.

તા. ૩૦/૫/૦૮ સહી
સ્થળઃ અમરેલી પુષ્પાબહેન ગોહીલ, મંત્રી

મે ૨૦૦૮નાં "ટપક" અંક સહયોગ
**જયસુખભાઈ કયાડા**
**હોટલ ભોજલદર્શન, અમરેલી**

***સ્વાર્થને કદી સુગંધ નથી હોતી, સુગંધને કદી સ્વાર્થ નથી હોતો.***

## કેરળની ''સજીવ કૃષિ નિતિ''

<u>વિઝન</u>

*કેરળ રાજયની ખેતીને સશકત, વળતર આપે તેવી અને સ્પર્ધાયુકત કરવી અને દરેક નાગરીકને બીનઝેરી પાણી જમીન અને ખોરાક મળી રહે તેની ખાતરી કરવી.*

જીનેટીક મોડીફાઈડ બિયારણોના પુષ્કળ વાવેતર અને તેના છેલ્લા બે ત્રણ વર્ષના પરીણામો પછી ખેડુતો પણ છેતરાયા હોવાનો અનુભવ કરી રહયા છે ત્યારે કેરળ રાજયની કૃષિકારો માટેની ચિંતા અને તે માટેના તેમના પગલા ભારતના ખેડુતો માટે નવો રાહ બતાવી શકે તેમ છે. અન્ય રાજયના ખેડુતોની જેમ કેરળ રાજય ના કૃષિકારો પણ ખેતીની જમીનને જનનીની માફક પુજે છે. જેવી રીતે ડોકટર પ્રસુતી પછી સ્ત્રીને આરામ કરવાની વાત કરે છે (આરામ મળે છે કે નહી તે વિચારવાની બાબત છે.) તેમ એક વખતના પાક લીધા પછી ખેતીની જમીનને ત્રણ મહીના સુધી આરામ આપવો તેવુ કેરળના ખેડુતોનું વંશ પરંપરાગત માનવું છે. આપણને આ વાત માન્ય ન લાગે પણ તેની પાછળ પણ વ્યવહારૂ જ્ઞાન કામ કરે છે. જેમકે ચોમાસા દરમિયાન ખેડ ન કરવી કારણ કે તેમ કરવાથી જમીનનું ધોવાણ થાય છે. સજીવ ખેતીમાં મુખ્યત્વે આવા પરંપરાગત જ્ઞાનનો ઉપયોગ થાય છે જે રાસાયણીક ખેતી સામે એક પહેલ કહી શકાય. આ નિતિમાં જૈવ વિવિધતાની વાત પણ કરી છે. કેટલાક પક્ષીઓ અને કીટકો આપણી ખેતીમાં ઉપયોગી હતા પણ હાલમા તે નામશેષ થઈ રહયા છે અને તેના કારણે શું ભયસ્થાન ઉદભવશે તેની વાત પણ આ સજીવ કૃષિ નિતિ કરી છે. આમ સજીવ ખેતીને લગતી તમામ બાબતોને આ નિતિમાં આવરી લેવાનો પ્રયાસ થયો છે.

વિશ્વ કક્ષાએ જોઈએ તો લગભગ ૨૨.૮૧ લાખ હેકટર જમીનની જાળવણી સજીવ ખેતીથી થાય છે. આ પ્રકારના પાકોની બજાર લગભગ ૩૦ અબજ ડોલર છે. કેરળમાં પણ સજીવ ખેતીની શરૂઆત સામાન્ય રહી પણ ત્યારપછીના ૧૦ થી ૧૫ વર્ષ બાદ સ્ત્રી સશકિતકરણ, બિયારણનું રક્ષણ અને તેના માટે બિયારણ બેંકોનો વિકાસ, કિંમતોમાં વધારો અને અન્ન તથા પોષણ સલામતી જેવા નવા આયામો તેમાં જોડાયા. હાલમાં કેરળમાં સજીવ ખેતી માટે પ્રમાણીત થયેલા ખેડુતો તેમજ અન્ય ખેડુતો આ પધ્ધતીનો ઉપયોગ કરીને રોકડીયા પાક ઉગાડી રહયા છે. આ માટે એક બોર્ડની રચના પણ થઈ છે જે ખેડુતોને આ ખેતી માટે પ્રમાણીત કરે છે.

***સંબંધનુ શોષણ ન થાય, સંબંધનુ તો હંમેશા પોષણ થાય.***

<u>સજીવ કૃષિના ફાયદા</u>

ખેતીને ટકાઉ વધુ વળતર આપનાર બનાવે છે. ખેતીના મુલ્યવાન તત્વોનું ધોવાણ અટકાવે છે અને જમીનની ફળદ્રુપતા વધારે છે. જૈવ વૈવિધ્યનુ રક્ષણ કરે છે. પાણીની જરૂરીયાત ઓછી રહે છે તેથી પાણીની બચત પણ થાય. ખેતીમાંથી મળી શકે તેવા સ્ત્રોત પર આધારીત છે. પરંપરાગત ખેતીના જ્ઞાનને વધારવું અને ટકાવી રાખવું. આ અને બીજા ઘણા ફાયદા આ નીતીમા દર્શાવ્યા છે. <u>આ પોલીસી ખેડુતોને મહીને પગારદારની જેમ પગાર મળી શકે તેવી ભલામણ પણ કરે છે.</u>

આ પોલીસીનો ડ્રાફ્ટ રીપોર્ટ તૈયાર છે અને વિસ્તૃત ચર્ચા માટે મુકાયેલ છે. મુખ્યમંત્રી શ્રી વી એસ અચ્યુતાનંદનની અધ્યક્ષતા વાળી તા. ૨૨મી મે ની મીટીગમાં તેને ફાઈનલ કરવામાં આવશે.

સ્ત્રોત :

http://keralabiodiversity.org/pdf/policy.pdf.

(ખેતી અને ખેડૂતોની મજબુતી રાષ્ટ્રની આર્થિક સ્થિતિ મજબુત કરી શકે છે ખેડૂતોની બેહાલી તમામ દેશવાસીઓ માટે મુસીબત ખડી કરશે. કેરળની સજીવ ખેતી નીતીમાં ખેડૂતોને પગાર આપવાની બાબત ખૂબજ ધ્યાન ખેંચે તેવી છે.)

## વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ
## જયોતિ મહિલા વિકાસ સંગઠન

આજે બચત મંડળોની કામગીરી વિવિધ વિભાગો દ્વારા થઈ રહી છે. સરકારી વિભાગોની પ્રોજેકટ બેઈઝ કામગીરીમાં લાલચ પ્રલોભનો દ્વારા આકર્ષી અમારૂ માળખુ તોડવાનું વાતાવરણ સર્જવાનો પ્રયત્ન થયો, પણ અમારી દિશા નકકર હોવાથી તે પ્રયત્નો ઘણા નિષ્ફળ રહયા ત્યારે અમોને ખાત્રી થઈ કે આ બહેનો આપણી સાથે અડીખમ છે. અમારી મર્યાદા છે કે અમો કદી કોઈને લાલચ પ્રલોભન આપતા નથી. વિકાસની પ્રક્રિયામાં માનસીક વિકાસ અનિવાર્ય છે. જયા સુધી વૈચારીક ક્ષમતા ન કેળવાય ત્યાં સુધી વિકાસ પ્રક્રિયા અધુરી છે. આ સમજ સાથે અમોને આગળ વધવાનું ઉચીત લાગે.

<u>અમારી છેલ્લા ચાર માસની પ્રક્રિયા :</u>

ગ્રામીણ મહીલા અને બાળ પુસ્તકાલયો, સર્વોદય પાત્ર કાર્યક્રમ, પાંચ ગામોમાં ફિલ્મ દર્શન કાર્યક્રમ, યંગમેન એસોસીએશન દ્વારા સંસ્થાના કર્મચારીને ચંપાબેન ગોંધીયા એવોર્ડ, માઈક્રો ફાઈનાન્સ કાર્યક્રમ, આપણેજ આપણા ડોકટર બનીએ, સોફટ ટોય તાલીમ, પાણી સમીતી તાલીમ, ખોરાક અને સ્વાસ્થ્ય અંગેનો પરિસંવાદ જયોતિ મહિલા વિકાસ સંગઠન સંવાદ.

— દેવચંદ સાવલીયા

**એકાગ્રતા ન હોય તો એવુ બને કે આખી જિંદગી કામ કરતા રહો અને છતાં આગળ ન વધો.**

## જૈવિક ખાતરો નું મહત્વ

આપણી ખેતી પધ્ધતિમા વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણનો અભાવ જોવા મળે છે. તેને લગતી પુરતી માહીતી પણ નથી. કોઈ ખેડુત માટી પરીક્ષણ કરાવતા નથી તેથી કયું ખાતર કેટલું નાખવું તે જાણતા નથી અને આડેધડ ખાતરો વાપરે છે જેમાં જરૂરી પોષકતત્વો ન હોવાના કારણે ઉત્પાદન ઓછું મળે છે. વધારે પડતા ખાતરોના ઉપયોગથી જમીન કઠણ બને છે. જમીનમાં રહેલા અસંખ્ય ઉપયોગી સુક્ષ્મ જીવાણુંઓ પર આડઅસર થાય છે અને ખર્ચ વધુ આવે છે.

આથી વૈજ્ઞાનિકોએ રાસાયણીક ખાતરોનો વપરાશ ઓછો કરી જૈવીક ખાતરો વાપરવાની ભલામણ કરી છે. જૈવિક ખાતર એટલે જીવંત સુક્ષ્મજીવાણુંના ઉપયોગથી હવામાં રહેલા પોષકતત્વ નાઈટ્રોજનને જમીનમાં સ્થિર કરાવવો અથવા જમીનમા રહેલા અલભ્ય પોષકતત્વ ફોસ્ફરસને લભ્ય સ્વરૂપમાં ફેરવી છોડને પુરૂ પાડવું.

<u>જીવાણુંની વિવિધ જાતો જૈવિક ખાતર તરીકે વિકસાવવામાં આવી છે, તે નીચે મુજબ છે.</u>

### રાયઝોબિયમ જીવાણું

જમીનમાં રહેતા આ જીવાણુ ની અનેક જાતો છે. આ જીવાણું કઠોળ વર્ગના અમુક ચોકકસ પાકના મુળમાં રહી વૃધ્ધિ કરે છે અને મુળમાં ગાંઠો બનાવે છે. છોડમાંથી ખોરાક મેળવી હવામાં રહેલ નાઈટ્રોજન જમીનમાં ઉતારે છે. કઠોળ પાકના મુળ પર આવી ગાંઠમાં ૧૦ લાખથી ૧ અબજની સંખ્યામાં જીવાણું હોય છે. કઠોળ પાકના મુળ પરની આવી ગાંઠો વર્ષે એક હેકટરે ૫૦ થી ૧૦૦ કી.ગ્રા. નાઈટ્રોજન જમીન ઉતારે છે. કઠોળ પાકના સારા વિકાસ અને વધુ ઉત્પાદન માટે કૃત્રિમ રીતે ઉછરેલ સારા શકિતશાળી જીવાણુંનો ઉપયોગ બીજ સાથે ભેળવીને કરવામા આવે છે. આ જીવાણું મિશ્રિત ખાતર ને રાયઝોબિયમ કલ્ચર કહેવામા આવે છે. તેને બીજ સાથે ભેળવવાથી જીવાણું બીજ સાથે ચોટીં જાય છે. બીજને વાવતા તેમા અંકુર ફુટે છે ત્યારે જીવાણું પાકના મુળમાં દાખલ થઈ તેના પર નાની નાની ગાંઠો બનાવે છે. મુળમાં આવી જેટલી વધારે ગાંઠો એટલો છોડ વધુ વૃધ્ધિ પામે છે અને વધુ ઉત્પાદન મળે છે.

ફાયદાઓ

૧. જમીનની ફળદ્રુપતા વધે છે.
૨. પાકનું ઉત્પાદન વધે છે.
૩. કોઈ આડઅસર નથી.
૪. ખર્ચ ઘણોજ ઓછો આવે છે.
૫. રાસાયણીક ખાતર નો વપરાશ ઘટે.
૬. જમીન જન્ય રોગો સામે લાભ થાય છે.
૭. બીજની સ્ફુરણ શકિત વધે છે.
૮. ઉત્પાદનમાં ૧૦ થી ૧૫% નો વધારો થાય.
૯. નાઈટ્રોજન જમીનમાં ઉમેરાય છે.

**શ્રમ અને શ્રમ પ્રતિકુળતાને પલટાવી શકે છે.**

**એઝેટોબેકટર અને એઝોસ્પિરીલમ જીવાણું**

ધાન્ય પાકો માટે ઉપયોગી આ જીવાણું છે એઝેટોબેકટર જીવાણુંઓ. જમીનમાં મુકત તેમજ મુળના સંપર્કમાં રહીને કાર્ય કરે છે. જયારે એઝોસ્પિરીલમ જીવાણુંઓ મુળના સંપર્કમાં રહીને હવામાં રહેલા નાઈટ્રોજનને જમીનમાં સ્થિર કરીને છોડને પોષણ પુરૂ પાડે છે.

**ફોસ્ફેટ કલ્ચર**

જમીનમાં સ્થિર થયેલા ફોસ્ફરસને ઓગાળી છોડને લભ્ય રૂપમાં ફેરવી આપે છે. ક્ષારયુકત જમીનમાં કેલ્શીયમનું પ્રમાણ વધુ હોય છે. જમીનમાં અપાતા ફોસ્ફેટ ખાતરોમાના ફોસ્ફરસ જમીનમાં સ્થિર થઈ જાય છે. જેથી આ કલ્ચર વાપરવાથી ફાયદો થાય છે.

**વાપરવાની રીત**

૧. બીજની માવજત

૧ એકરે ૨૫૦ ગ્રામ (એક પેકેટ કલ્ચર) પાણીનો પટ આપી શકાય.

ફોતરાવાળા બીજના ફોતરા ઉખડે નહી તે માટે ધીરે ધીરે હલાવી પટ આપવો.

પટ આપેલા બિયારણ ને કાપડ પર છાયાવાળી જગ્યા એ સુકવવા.

બિયારણ ભરભરૂ થાય એટલે વાવણી કરવી.

૨. જમીનની માવજત

૧ લીટર પાણીમાં જૈવિક ખાતરના બે પેકટ મીકસ કરી પેસ્ટ બનાવવી ઉભા પાકની બાજુમાં ચાસ કરી સીધુ મુળમાં નાખવું. ૧ એકરના વિસ્તાર માટે ૪ તગારા નો જથ્થો પુરતો છે. જમીનમાં કે ચાસમાં કલ્ચર નાખ્યા પછી ઢાંકી દેવું. આ માટે હળવી ખેડ કરવી જરૂરી છે. ખાતર આપ્યા બાદ તુરંત પિયત આપવું.

કલ્ચર અંગે વધુ માહિતી મેળવવા નીચેના સરનામે સંપર્ક કરી શકો છો.

**અવિરત એગ્રો પ્રોડયુસર કંપની લી.,**
**આશ્રમપરા, ખાંભા–૩૬૫૬૫૦**
**ફોન નં ૦૨૭૯૭ ૨૬૦૦૭૯**



તસ્વીર અમરેલી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારની છે.

***પાણી અને સ્વચ્છતાના પ્રશ્ને અમરેલી જીલ્લાની સ્થિતિ જાણવા પ્રવાહ નેટવર્ક દ્વારા એક અભ્યાસ હાથ ધરાનાર છે આ માટે અમરેલી જીલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓની મીટીંગ તા. ૩૧ મે ૨૦૦૮ ના રોજ પર્યાવરણ ટ્રસ્ટ ખાતે રાખવામા આવી છે.***

***નસીબના કારણે નહી, સ્વભાવની અસ્થિરતાના કારણે માણસ નિષ્ફળ જાય છે.***

## વર્ષા વીમા યોજના

ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી સરકારશ્રીની એગ્રિકલ્ચર ઈન્શ્યોરન્સ કંપની નામની વિમા કંપની વર્ષા વિમા યોજના અંતર્ગત જામનગર જીલ્લામાં કામ કરી રહી છે. આ વર્ષે સજજતા સંઘના નેજા હેઠળ સાથી સંસ્થાઓએ પણ આ કામ કરવાની તૈયારી દર્શાવી છે. આ સંસ્થાની ટીમ પણ અમરેલી જીલ્લાના ખાંભા તાલુકામાં મગફળી તથા કપાસના પાક માટે વર્ષા વિમાની વાત કરી રહી છે. આ અંગેની વધુ માહીતી માટે આપ સંસ્થાના અમરેલી કાર્યાલય (૦૨૭૯૨ ૨૨૩૫૨૫) તથા ફિલ્ડ ઓફીસ ખાંભા (૦૨૭૯૭ ૨૬૦૦૭૯) પર સંપર્ક કરવો.

## રાજય સ્થાપના દિવસ

ગુજરાતના ૪૯માં સ્થાપના દિવસની ઉજવણી તા.૧લી મેના રોજ અમરેલી ખાતે ભવ્યાતિભવ્ય રીતે થઈ. મુખ્યમંત્રીશ્રી તેમજ અન્ય મંત્રીશ્રીઓએ અમરેલી જીલ્લાના વિકાસના વિવિધ કામોના લોકાર્પણ તેમજ ખાત મુર્હુતો કર્યા હતાં. ખરેખર ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી અમરેલી જીલ્લા માટે પર્વ સમાન હતી.

## આર્થિક ન્યાય અભિયાન

આપણેજોઈએ છીએ તેમ ખેતીમાં ઉત્પાદન છતા ખેડુતોની આર્થિક પરિસ્થિતી દિન પ્રતિ દિન કથળી રહી છે. ફુગાવો તેની છેલ્લા વર્ષોની સર્વોચ્ચ સપાટીએ પહોચ્યોં છે ત્યારે પોતાના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો ન મળતા જગતના તાતની સ્થિતી વધુને વધુ બદતર બની રહી છે. ભારતસરકારને અન્ય રાષ્ટ્રો પાસેથી અનાજ ખરીદવુ છે પણ આપણા ખેડુતોએ પકવેલા અનાજના ભાવ નથી આપવા. એક વાત ઉડીને આંખે વળગે તેવી એ છે કે ખેતીપ્રધાન દેશ અનાજની નિકાસને બદલે આયાત કરે છે. આ બધી બાબતોની ચર્ચા માટે ગુજરાતની કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓની બે દિવસીય બેઠક "આર્થિક ન્યાય અભિયાન" નામ તળે અમદાવાદ ખાતે મળી હતી તેમાં ખેડુતોને સાથે રાખી સરકારની કૃષિ નિતિ, સીડ બીલ વિ. પર ચર્ચા કરવામાં આવી હતી. સીડ બીલ ખરેખર ખેડુત માટે ફાયદાકારક છે ? કે કંપનીઓ માટે ? તેના પર ચર્ચા થઈ. જયારે ત્યા ઉપસ્થિત ખેડુતોને સીડ બીલ કે સરકારની કૃષિ નિતિ બાબતની કોઈપણ પ્રકારની માહીતી હતી નહી. ખેડુતોએ તેમની વાત કરતા કહયું હતું કે તેમને તેમના પકવેલા અનાજના પુરતા ભાવ મળતા નથી અને તેથી જ તેઓ ખેતીથી પર થઈ રહયા છે. તેમના મતે પહેલાની એક કહેવત ખોટી સાબીત થઈ રહી છે કે જેમા ખેતીને સર્વોચ્ચ સ્થાન આપવામાં આવ્યું હતુ અને નોકરીને કનીષ્ઠ એટલેકે નિમ્ન સ્થાન આપવામા આવ્યુ હતું જે હવે ઉલટુ જોવા મળે છે. કારણકે ખેડૂત સિવાયના લોકોની આર્થિક સ્થિતિ વધુ મજબુત બની રહી છે. આ સંવાદ યુવા રૂરલ દ્વારા આયોજીત થયો હતો જેમા ભારતીય કિસાન સંઘ તથા અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીએ પણ ચર્ચામા ભાગ લીધો હતો.

**કાયમ રોંદણાં રડશો તો લોકો તમારી હાંસી ઉડાવશે.**

## "ચાલો વાંચીએ" – વાંચો ભારત અભિયાન

અમરેલી જીલ્લામા પ્રથમ દ્વારા ચાલી રહેલા રીડ ઈન્ડીયા અભિયાનના ભાગરુપે તા. ૨૪ થી ૩૦ મે ૨૦૦૮ દરમ્યાન આંગણવાડીના બાળકો માટે ચાલતા શાળા પુર્વે તૈયારી કાર્યક્રમનું મુલ્યાકન શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા કરવામા આવ્યુ. જેમા ૪ થી ૬ વર્ષના બાળકોની સમર કેમ્પ પૂર્વેની સ્થિતિ તપાસવામા આવી. જેમાં આંગણવાડીના વર્ગોના મુલ્યાંકન માટે એક જીલ્લામાં ૫૦ ગામો પસંદ કરી શાળા પુર્વે તૈયારીની પ્રવૃતિને લગતા પ્રશ્નો પુછી અહેવાલ તૈયાર કરવામા આવશે જેના પરથી આગળની રણનિતી તૈયાર થશે.

## SKNVAW

આગામી કાર્યક્રમ તેમજ તેમના આયોજન બાબત સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્કની સાથી સંસ્થાઓની મિટીંગ અમદાવાદ ખાતે તા. ૬ મે ના રોજ યોજાઈ હતી તેમજ સંસ્થા સ્ત્રી હિંસા વિરોધી ઝૂંબેશની આગામી કામગીરી માટે તા. ૨૮ તથા ૨૯ મે ૨૦૦૮ના રોજ બેઠક યોજાઈ હતી.

### ન્યાય ઝંખના

સ્ત્રીઓ સામે થતી હિંસાને પડકાર આપતી મહિલા ન્યાય સમિતિઓના સંઘર્ષ અને સફળતા ની ગાથા "ન્યાય ઝંખના" નામે રજુ થઈ.

પ્રકાશક : સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક ઓન વાયોલન્સ અગેઈન્સ્ટ વીમેન

સંપાદક : સંજય દવે– ચરખા

## એચ આઈ વી અને ટીબી (ક્ષય)

વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO)ના એક અહેવાલ પ્રમાણે દક્ષિણ એશિયાના ભારત, મ્યાનમાર, નેપાળ અને થાઈલેન્ડમાં ટીબી (ક્ષય)નો આંક વધારે છે.

ભારતમાં એચ આઈ વી સાથે જીવતા લોકોમાં લગભગ ૫.૨ % , મ્યાનમારમાં ૭.૧ %, નેપાળમાં ૩.૧ % અને થાઈલેન્ડમાં ૭.૬%ને ટીબી છે. તેવુ આ વિસ્તારના અહેવાલો જણાવે છે.

અન્ય તંદુરસ્ત વ્યકિતની સાપેક્ષે એચ આઈ વી/ એઈડસથી જેમની ઈમ્યુનો પ્રણાલી પ્રભાવીત છે તેમને ટીબી લાગવાનો ખતરો ૩૦ ગણો વધારે છે.

ભારતતો ટીબીનુ ઘર ગણાય છે કારણકે વિશ્વના આંકડાઓ પ્રમાણે ભારતમાં સૌથી વધારે લોકો ટીબીથી પ્રભાવીત છે.

ભારતમાં ૨.૫ મીલીયનથી પણ વધારે એચ આઈ વી ગ્રસ્ત લોકો છે. ભારતના ૧૪ રાજયોના એક અહેવાલ પ્રમાણે ૨૦૦૬માં ૨૫૦૫૫ લોકો કે જેએચ આઈ વી ગ્રસ્ત હતા. તેમનામાં ટીબીના લક્ષણો જોવા મળ્યા હતા અને તેમને નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત સારવાર આપવામા આવી હતી જેમાંથી ૪૮૨૯ લોકોને ટીબી છે તેવુ નિદાન થયું હતું.

**સ્ત્રોતઃ સાથી ન્યુઝ**

**સેવાતીર્થ**

"સોસાયટી ફોર ટ્રેનીંગ એન્ડ વોકેશનલ રીહેબીલીટેશન ઓફ ધી ડીસએબલ્ડ" દ્વારા બધાજ પ્રકારના વિકલાંગ ભાઈઓ – બહેનો, બાળકો તથા "ગુજરાત રકતપિત નિવારણ સેવા સંઘ" દ્વારા  રકતપિત ગ્રસ્ત કુટુંબના સામાન્ય બાળકોને ઘેર બેઠા અને જરૂરીયાતમંદોને "સેવાતીર્થ" છાત્રાલયમાં રહીને નજીકની શાળા કોલેજ આઈ.ટી.આઈ મા એડમીશન સાથે ભણે ત્યાં સુધીની વિદ્યાભ્યાસ સહાય છેલ્લા ૨૫ ઉપરાંત વર્ષથી અપાય છે. એ અનુસાર આવા જરૂરીયાત મંદ બાળકો, ભાઈઓ – બહેનો તથા તેઓના વાલીઓએ ચાલુ વર્ષના પરિણામની ટ્રુ કોપી, અપંગતાના સર્ટિફિકેટ તથા જરૂરીયાતની અરજી સાથે નીચેના સરનામે રૂબરૂ આવી ફોર્મ ભરી જવા વિનંતી છે.

સોસાયટી ફોર ટ્રેનીંગ એન્ડ વોકેશનલ
રીહેબીલીટેશન ઓફ ધી ડીસએબલ્ડ
ગુજરાત રકતપિત નિવારણ સેવા સંઘ
જુની ગઢી, મ્યુનીસીપલ કવાર્ટર્સ પાસે,
મીલ રોડ, યાકુતપુરા,
વડોદરા – ૩૯૦૦૦૬
ફોન નં. (૦૨૬૫)૨૫૧૧૨૩૦
સંપર્ક : ભાઈલાલભાઈ રોહીત

સેવાતીર્થ તરસાલી બાયપાસ પાસે,
આદર્શનગર સામે, વડોદરા – ૩૯૦૦૦૯
ફોન (૦૨૬૫)૨૯૭૪૧૮૭
સંપર્ક : જીજ્ઞાસા પટેલ

Publisher, Dhiren Vagadia on behalf of Educational & Social Welfare Centre and Printer Hiren Bipinbhai Joshi & printed at Devkamal Computers, Ganesh complex - Amreli and Published at 95-Jalaramnagar (2), Amreli, Editor : Dhiren Vagadia.

Post Regn. No. GAMI-91/2005 Book -Post,Printed Matter RNI No.GUJGUJ/199152
Valid Upto Dec. 2008 Date Of Issue 1st of month

SskK

**ટપક કાર્યાલય :**
**શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,**
**૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,**
**ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.**
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***યોગ્ય મનન અને ચિંતન મુશ્કેલીમાંથી માર્ગ કાઢવામા મદદરૂપ થાય છે.***